ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષઃ ૧૧ |અંકઃ ૨| ઓગષ્ટ - ૨૦૨૫
કિંમતઃ ૧૦/-





પ.પૂ.સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

# કાળીચૌદશની રક્ષા મહાસાધના અને ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક ચેતના પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંનું અને પરિવારજનોની રક્ષા આખા વર્ષ દરમ્યાન થાય એની સાધના કરવાનો દિવસ.
આપ ભક્તજનોએ કાળીચૌદશની સાધનામાં જોડાવા માટે નીચેના
**મોબાઈલ નંબર: 9429208997** ઉપર સત્વરે લખાવી દેવું.

**શુભ તારીખ**

**૨૦ - ૧૦ - ૨૦૨૫**
**સોમવાર**

**શુભ સમય**

**સાંજે ૪ થી ૬ કલાકે**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**ખાસ નોંધ:**

1. કાળીચૌદશની સાધનામાં પુરુષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લીલા વસ્ત્રો ધારણ કરવા.
2. મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**સંપર્ક સૂત્ર: ૯૪૨૯૨૦૮૯૯૭**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)



૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ઓગષ્ટ-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૨
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા લિખિત કથાસંગ્રહ "આનંદનો આસોપાલવ"નું વિમોચન આ વખતે ગુરુજીએ ગુરુપૂર્ણિમાના પાવન અવસરે કર્યું, જેના હજારો ભક્તો સાક્ષી રહ્યા એ વાતનો પરમ પૂજ્ય ગુરુજીને ખૂબ આનંદ છે. આ કથાસંગ્રહને કોરોનાકાળથી લખવાથી લઈને આ ગુરુપૂર્ણિમાના પાવન દિવસે વિમોચન કરવા સુધીની ગુરુજીની સફર ઘણી મહેનત, વિચારશીલ, સંદિગ્ધ અને રોચક બનાવે એવી છે. માટે ગુરુજીના દરેક ભક્તે આ પુસ્તક વસાવવા માટે અવશ્ય પ્રેરિત થવું જોઈએ એવી હું ભાવના રાખું છું.

આ સાથે અહીંયા હું પ.પૂ. ગુરુજી રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલ પ્રસ્તુત કરી રહ્યો છું.

## 'કિસ્મત'

**રાખવો પણ ના પડે, આધાર શોધું છું,**
**પ્રેમથી સત્કાર કરતાં, યાર શોધું છું.**
**છે અનોખા ખેલ પણ કિસ્મત વિશેના અહીં,**
**હોય નિષ્ફળ પણ સફળતા, સાર શોધું છું.**
**કેવી બેસાડી જીવનની રાશ તેં ઈશ્વર ?**
**પ્રશ્નને ઉકેલવા અવતાર શોધું છું.**
**રાહમાં મળતાં જ રહેશે માણસો ચિક્કાર,**
**ત્યાં જ હું ઉષ્માભરી, દરકાર શોધું છું.**
**'ૐગુરુ' છે અહીં ઘણાંયે જખ્મદાતાઓ,**
**જે મલમ થઇ જાય એ, ઉપચાર શોધું છું.**

ૐકાર સંપ્રદાયની છત્રછાયા તેમજ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને તેમના આપેલા મંત્રોના સ્મરણથી આપનું જીવન સરળ અને ઉત્તમ રહે એવી ગુરુજીની ચરણોમાં પ્રાર્થના સાથે અહીં મારા વક્તવ્યને વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥

# મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
# પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના
# ગુરૂપૂર્ણિમાના પાવન અવસર પર
# ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય
# મહાદર્શનનો લાભ લેતા ભક્તજનો

ગુરૂપૂર્ણિમાના પાવન અવસર પર પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના મહાદર્શનનો લાભ લેવા હજારો ભક્તોની ભીડ લાગેલ. આ પાવન દિવસે ભક્તોએ મહાદર્શન, આશીર્વાદ, સંગીત અને મહાપ્રસાદના સમન્વયનો લાભ લઇ ખૂબ જ ધન્યતા અનુભવેલ. તારીખ:૧૦-૭-૨૦૨૫ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે પરમ પૂજ્ય ગુરુજીના ભવ્યાતિભવ્ય મહાદર્શન રાખવામાં આવેલ. આ પુણ્યપળનો લાભ લેનાર સૌજન્યદાતાઓએ પરમ પૂજ્ય ગુરુજીને પુષ્પહાર પહેરાવી તેમનું આનંદભેર બહુમાન કરેલ.

આ પાવન દિવસે પરમ પૂજ્ય સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી દ્વારા લિખિત કથાસંગ્રહ "આનંદનો આસોપાલવ" નું વિમોચન પણ કરવામાં આવેલ. આ વિમોચન પ્રસંગે ઉપસ્થિત કવિ શ્રી પ્રતાપસિંહ ડાભી-'હાકલ' જેમણે આ પુસ્તક વિશે ખૂબ જ ઉત્તમ રજૂઆત કરી ભક્તોને આ કથાસંગ્રહ વસાવવા પ્રેરિત કરેલ.
















ગુરૂપૂર્ણિમાના પાવન અવસર પર પરમ પૂજ્ય ગુરુજી દ્વારા લિખિત કથાસંગ્રહ “આનંદનો આસોપાલવ”નું વિમોચન કરવામાં આવેલ. ઘણાં સમયની તપશ્ચર્યા પછી ગુરુજીએ ભક્તોની વિનંતીથી આ કથાસંગ્રહને વિમોચન કરી ભક્તો સુધી પહોંચાડ્યું છે. આ માત્ર એક કથાસંગ્રહ નથી પરંતુ મનુષ્યને જીવંત બનાવી દે એવું પુસ્તક છે. જેના વાંચનથી તમને એના પાત્રો આંખ સામે તરવરતા દેખાશે. ૨૭ વાર્તાઓનો આ કથાસંગ્રહ ખૂબ જ રસપ્રદ છે જે તમને સમયાંતરે વારંવાર વાંચવા માટે પ્રેરિત કરશે.





















|| ॐ नमः ||
















# ઘરે બેઠા ભગવાન શ્રીગણેશની સાધના કરી આપના ઘરમાં લક્ષ્મીનો વાસ થાય એ માટેની ગણેશ ચતુર્થીના દિવસથી શરૂ કરવાની ચમત્કારિક મંત્રસાધના

ગણેશ ચતુર્થી હિન્દુ ધર્મના પ્રમુખ તહેવારોમાંનો એક તહેવાર છે. આ તહેવાર ભાદરવા મહિનાની શુક્લ ચતુર્થીનાં દિવસે ઉજવવામાં આવે છે. ગણેશ ચતુર્થી પ્રથમ પૂજ્ય ભગવાન શ્રી ગજાનનનો પર્વ છે. આ પવિત્ર દિવસે બુદ્ધિ, રિદ્ધિ-સિદ્ધિ અને સૌભાગ્યના દેવતાના રૂપે ભગવાન શ્રી ગણેશજીની પૂજા-અર્ચના કરવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર ગણેશજીનો જન્મ ભાદ્રપદની શુક્લપક્ષની ચતુર્થીના મધ્યાહ્‌ન સમયે સ્વાતિ નક્ષત્ર અને સિંહ લગ્નમાં થયો હતો. એ માટે આ મુખ્ય ગણેશ ચતુર્થી અથવા વિનાયક ચતુર્થી તરીકે ઓળખાય છે.

ગણેશ ચતુર્થી શા માટે મનાવવામાં આવે છે? તે માટે એવું કહેવાય છે કે..., સૃષ્ટિના આરંભ સમયે જ્યારે એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે પ્રથમ પૂજ્ય કોને માનવામાં આવે? તો દેવતાઓ ભગવાન શિવ પાસે પહોંચ્યા ત્યારે શિવજીએ કહ્યું કે સંપૂર્ણ પૃથ્વીની પરિક્રમા જે સૌથી પહેલા કરી લેશે તેને જ પ્રથમ પૂજ્ય માનવામાં આવશે. આ રીતે બધા જ દેવતાઓ પોત-પોતાના વાહનોમાં બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા (પરિક્રમા) કરવા નીકળી પડ્યા. જ્યારે ભગવાન શ્રી ગણેશજીનું વાહન તો ઉંદર છે અને તેનું શરીર સ્થૂળ છે તો ભગવાન શ્રીગણેશજી કેવી રીતે પરિક્રમા કરી શકે. ત્યારે ભગવાન ગણેશજીએ પોતાની બુદ્ધિ અને ચાતુર્યથી પોતાના પિતા ભગવાન શિવજી અને માતા પાર્વતીની ત્રણ પરિક્રમા પૂરી કરી અને બે હાથ જોડીને ઊભા રહી ગયા. ત્યારે ભગવાન શિવજીએ ગણેશજીને કહ્યું કે, તારાથી વધુ મહાન અને બુદ્ધિમાન આ પૂરા સંસારમાં કોઈ નથી. માતા અને પિતાની ત્રણ પરિક્રમા કરીને તે સંપૂર્ણ ત્રણેય લોકની પરિક્રમા પૂર્ણ કરી લીધી છે અને તેનું ફળ તને મળી ગયું જે પૃથ્વીની પરિક્રમા કરતા પણ મોટું છે.



માટે જે કોઈ મનુષ્ય કોઈપણ કાર્યનો આરંભ કરશે તે પહેલા તારી પૂજા-અર્ચના કરશે અને આ રીતે કરવાથી તે મનુષ્યને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો નહીં કરવો પડે. બસ, ત્યારથી ભગવાન શ્રીગણેશજી પ્રથમ પૂજ્ય ગણાવા લાગ્યા અને તેમની પૂજા બધાં જ દેવી-દેવતાઓથી પહેલા થવા લાગી.

ગણપતિ - ગણ+પતિ. 'પતિ' એટલે કે પાલન કરનાર. 'ગણ' શબ્દના વિભિન્ન અર્થ છે - મહર્ષિ પાણિની અનુસાર : 'ગણ' એટલે અષ્ટ વસુઓનો સમૂહ. વસુ એટલે દિશા, દિકપાલ (દિશાઓના સંરક્ષક) એટલે અહીં ગણપતિનો અર્થ થયો દિશાઓના પતિ, સ્વામી. ગણપતિની અનુમતિ વિના કોઈપણ દેવતાનું કોઈપણ દિશામાંથી આગમન નથી થઈ શકતું. માટે કોઈપણ શુભ, મંગલ કાર્યની શરૂઆતમાં ગણપતિ પૂજન પ્રથમ કરવું અનિવાર્ય ગણાય છે. ગણપતિ પૂજન દ્વારા સર્વ દિશાઓના મુક્ત થવાની જ પૂજિત દેવતા પૂજા સ્થાન પર બિરાજમાન થઈ શકે છે. આ વિધિને મહાદ્વાર અથવા મહાગણપતિ પૂજન કહેવામાં આવે છે.

ભાદ્રપદની ચતુર્થીથી દસ દિવસ સુધી અર્થાત્‌ અનંત ચતુર્થી સુધી ગણેશ ચતુર્થીનો આ ઉત્સવ મનાવાય છે. દરેક ઘર, ગલી, મહોલ્લાઓમાં ગણપતિ ભગવાનની પૂજા, અર્ચના, આરાધના, આરતી તેમજ અનેક કાર્યક્રમોનું આયોજન આ તહેવારને એકદમ ભક્તિમય બનાવી છે. ત્રણ, પાંચ, સાત કે દસ દિવસ પછી મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. તેની પાછળ પણ એવી માન્યતા છે કે જેવી રીતે મહેમાન ઘરે આવે તો કાંઈને કાંઈ લઈને આવતા હોય છે તેવી જ રીતે ભગવાન શ્રી ગણેશજીને આપણે આમંત્રિત કરીએ છીએ ત્યારે તે ઘરમાં સુખ-સમૃદ્ધિ અને ખુશહાલી લઈને

આવે છે જે કાયમ રહે છે. માટે શ્રદ્ધાળુઓ દ્વારા દર વર્ષ પૂર્ણ શ્રદ્ધા અને આસ્થા સાથે ભગવાન શ્રીગણેશજીને પોતાના ઘરે આમંત્રિત કરવામાં આવે છે અને ભક્તિભાવ સાથે પૂજા, અર્ચન, આરાધના કરવામાં આવે છે.

આ રીતે ભગવાન શ્રી ગણેશજી પ્રથમ પૂજ્ય અને વિઘ્નહર્તા દેવ ગણાય છે. રિદ્ધિ-સિદ્ધિ અને ઐશ્વર્ય-સમૃદ્ધિ પ્રદાન કરનાર ભગવાન શ્રીગણેશજીની ભક્તિનો આ મહાપર્વ પૂરા ભારતમાં ખૂબ જ ધામધૂમ સાથે ઉજવવામાં આવે છે.

દર વર્ષે હું આપ સૌ ભક્તજનોને ગણેશ ચતુર્થીના દિવસથી કરવાની સાધના આપુ છું અને આજે પણ આ વખતે ગણેશચતુર્થીના દિવસથી કરવાની સાધના આપી રહ્યો છું, જેનાથી આ વર્ષ દરમિયાન ભગવાન શ્રી ગણેશની કૃપા આપ સર્વ પર સદાય બની રહે.

**આ વખતે ગણેશ ચતુર્થી તારીખ : ૨૭-૮-૨૦૨૫, બુધવારના રોજ છે.**

## ગણેશ ચતુર્થીના દિવસથી ૧૮ દિવસ કરવાની મંત્રસાધના માટેની માહિતી

સૌપ્રથમ લાકડાનું બાજઠ લેવું. ત્યારબાદ એના ઉપર લાલ કલરનું વસ્ત્ર પાથરવું અને એ વસ્ત્ર ઉપર કંકુથી ॥ ૐ નમઃ ॥ લખવું. ત્યારબાદ ૐ નમઃ ની બરાબર ઉપર એક મુઠ્ઠી ઘઉંની ઢગલી કરવી અને એ ઢગલી ઉપર પાંચ આખી સોપારી મુકવી. ત્યારબાદ નીચે આપેલા ચક્રને કટીંગ કરી લેમીનેશન કરાવીને સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલો મંત્ર ૧૮ (અઢાર) વખત કરી ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ એકવાર કરવો.




**મંત્રઃ ॥ ૐ ગણેશાય ઊર્જાસુ ઊર્જાસુ પ્રાંગ નમઃ ॥**

- **કેટલા દિવસની સાધના? :** આ સાધના સ્થાપન કર્યાનાં કુલ ૧૮ દિવસ કરવી. વચ્ચે કોઈ દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૧૮ દિવસ ગણીને સાધના પૂરી કરવી.
- **સ્થાપન કરવાનો સમય :** ગણેશ ચતુર્થીના દિવસે સવારે ૭ થી ૧૦ વાગ્યા દરમિયાન સ્થાપન કરવું.
- **સાધના કરવાનો સમય :** કોઈપણ સમયે કરી શકાય.
- **વસ્ત્ર કયા પહેરવા? :** કોઈપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી શકાય.

સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ બધી જ વસ્તુ ચક્ર સાથે કોઈપણ ઝાડ કે છોડ અથવા તો નદીમાં વિસર્જન કરી દેવી.



# ગણેશ ચતુર્થીમાં ગણેશજી - લક્ષ્મીજીની પધરામણી કરાવવાની વિધિ

**(દરેક વિધીનો પ્રારંભ શુભ મુહૂર્તમાં કરવો.)**

સૌપ્રથમ ઘરનાં મુખ્ય વ્યક્તિ અને તેના પત્ની તથા સંતાનોએ કુમકુમ તિલક કરવું. અન્ય કુટુંબીજનો અને તે સમયે હાજર સૌને પણ તિલક કરી શકાય તો કરવું.

એક પાટલા/ ટેબલ કે બાજઠ પર લાલ કપડું પાથરવું.

ગણપતિ દાદાની મૂર્તિ પધરાવવાની હોય તે સ્થાને (શક્ય હોય તો મધ્યમાં) અક્ષત (ચોખા) ની નાનકડી ઢગલી કરવી. આ ચોખાની ઢગલી પર જ ભગવાન ગણપતિની મૂર્તિ બિરાજમાન કરવાની હોવાથી મૂર્તિ ક્યાંયથી ડગમગ ના થાય એ ધ્યાનમાં રાખીને પ્રમાણસર ચોખા લેવા અને બધી તરફ એકસરખો જથ્થો રહે એવી ઢગલી કરવી.

ત્યારબાદ શુદ્ધ ભાવ સાથે ઘરના પુરૂષે એ ચોખાની ઢગલી પર ગણપતિ ભગવાનને બેસાડવા.

તે પછી ઘરની સ્ત્રીએ ગણપતિદાદાને લાલ અથવા લીલા અથવા ગુલાબી રંગનો ખેસ અથવા વાઘા પહેરાવવા. તે પછી ગણપતિને શણગાર માટેના દાગીના પહેરાવવા. તે પછી ગણપતિદાદાના જમણા હાથે/કાંડા પર લાલ રંગનો દોરો બાંધવો અને ત્યારબાદ ગણપતિના તૂટેલા દાંત પર કુમકુમનો ચાંલ્લો કરવો. આ બધું જ ઘરની સ્ત્રીએ કરવાનું રહેશે, અથવા તો તુલા રાશી ધરાવતી કુંવારીકાના હસ્તે કરાવી શકાય.

આટલી વિધિ બાદ પાંચથી દસ મિનિટ સુધી સૌએ ગણપતિ સન્મુખ ઊભા રહીને પોતાની શુદ્ધ મનોકામના પૂર્ણ કરવા માટે અને કોઈ વિધ્ન/ અડચણ હોય તો તે દૂર કરવા માટે ગણપતિદાદા પાસે ભક્તિભાવપૂર્વક મનોમન પ્રાર્થના કરવી.

તે પછી ઘરના પુરૂષે કે પતિ-પત્નિ બંનેએ નીચે આપેલા ૬ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારના આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી.

(૧) ॥ ૐ ત્રાવત્ય ગણેશાય નમઃ ॥
(૨) ॥ ૐ વાવલ્ય ગણેશાય નમઃ ॥
(૩) ॥ ૐ ગં ગણપતયે નમઃ ॥
(૪) ॥ ૐ વાદીતા રિદ્ધિ સિદ્ધિ ત્રુપલ્ય નમઃ ॥
(૫) ॥ ૐ ગણેશાય તુર્ગમ નમઃ ॥
(૬) ॥ ૐ શિવા શિવા વૃંદમ નમો નમઃ ॥



॥ ૐ નમઃ ॥

# લક્ષ્મીજીની પધરામણી માટેની વિધિ



ગણપતિની ડાબીબાજુ એક પાટલા કે બાજઠ પર પીળું વસ્ત્ર મૂકવું.
ઘરની સ્ત્રી કે કન્યાના હસ્તે તેના પર લક્ષ્મીજીની મૂર્તિ મૂકવી.
લક્ષ્મીજીને પીળું વસ્ત્ર પહેરાવવું. લક્ષ્મીજીને પીળા કલરનું તિલક કરવું.
તેમના પગ પાસે પાંચ કમળના ફૂલ બિરાજમાન કરાવવા.
તે પછી પતિ-પત્નીએ નીચે મુજબના ૯ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા.
શક્ય હોય ત્યાં સુધી અઢારના આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી

(૧) ।। ૐ વાજલ્યલક્ષ્મી દેવી નમઃ।।
(૨) ।। ૐ સૂર્યલક્ષ્મી દેવી નમઃ ।।
(૩) ।। ૐ અષ્ટલક્ષ્મી દેવી નમઃ ।।
(૪) ।। ૐ કાર્યલક્ષ્મી દેવી નમઃ ।।
(૫) ।। ૐ શુક્તાલક્ષ્મી દેવી નમઃ ।।
(૬) ।। ૐ મહાલક્ષ્મી દેવી નમઃ ।।
(૭) ।। ૐ વરદાયિની લક્ષ્મી દેવી નમઃ ।।
(૮) ।। ૐ શુભલક્ષ્મી દેવી નમઃ ।।
(૯) ।। ૐ અન્નતાલક્ષ્મી દેવી નમઃ ।।

ત્યારબાદ બે વખત ૐકાર ચાલીસાનું રટણ કરવું.

## ।। ૐ શ્રી ગણેશજી અને લક્ષ્મીજીના ઉત્થાપનની વિધિ ।।

સંકલ્પ મુજબ દોઢ/ત્રણ/પાચ/સાત કે દસ દિવસ સુધી શ્રી ગણેશજી અને લક્ષ્મીજીની ઘેર પધરામણી કરાવ્યા બાદ તેમને વળાવવાના દિવસે ઉત્થાપનની વિધિ નીચે મુજબ છે.

શ્રી ગણેશજીના ઉત્થાપન માટે અગાઉ આપેલા છ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારનાં આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી અને ત્યારબાદ

**।। ૐ શુમાંતુ શુમાંતુ ગણપતયે નમો નમઃ ।।**

બોલી મનોમન ભક્તિભાવપૂર્વક ફરી પધારવા વિનંતી કરી ગણપતિદાદાની મૂર્તિને સહેજ ખસેડવી

## ।। શ્રી લક્ષ્મીજીના ઉત્થાપન માટે ।।

અગાઉ આપેલા ૯ મંત્રો અઢાર-અઢાર વખત બોલવા. શક્ય હોય ત્યાં સુધી અઢારના આંકથી એક પણ વધે કે ઘટે નહિ તેની કાળજી રાખવી અને ત્યારબાદ

**।। ૐ પ્રાં પ્રીં પ્રૌં લક્ષ્મીદેવી ત્રુમ ત્રુમ નમઃ ।।**

બોલી મનોમન ભક્તિભાવપૂર્વક ફરી પધારવા વિનંતી કરી લક્ષ્મીજીની મૂર્તિને સહેજ ખસેડવી.

(ગણેશજીની મૂર્તિ જળમાં પધરાવવાની હોય છે. લક્ષ્મીજીની મૂર્તિ આરસ કે ચાંદીની હોય તો પધારવવાની રહેતી નથી. પણ નિત્ય પૂજામાં કે પવિત્ર સ્થાને મૂકી દેવાની રહે.)



# પર્યુષણ મહાપર્વમાં મોક્ષ પ્રાપ્તિના માર્ગ પર ચાલવા માટેની ચમત્કારિક મંત્ર ગુરૂચાવી

પર્યુષણ મહાપર્વ માત્ર જૈનોના તહેવાર તરીકે નહીં પરંતુ, આ સાર્વભૌમ પર્વ છે. કારણકે તેમાં આત્માની ઉપાસના કરવામાં આવે છે. આ પર્યુષણ પર્વ એકમાત્ર એવો તહેવાર છે જેમાં આત્મરત્ થઈને વ્યક્તિ આત્માર્થી બને છે તેમજ અલૌકિક, આધ્યાત્મિક આનંદના શિખર પર આરોહણ કરતાં-કરતાં મોક્ષગામી થવાનો સદ્‌પ્રયાસ કરે છે.

પર્યુષણ પર્વનું પોતાનું અપૂર્વ તેમજ એક વિશિષ્ટ આધ્યાત્મિક મહત્ત્વ છે. આ આત્મશુદ્ધિનો પ્રેરક તહેવાર છે માટે આ પર્વ નહીં પરંતુ, મહાપર્વ ગણાય છે. પર્યુષણ પર્વ એટલે જપ, તપ, સાધના, આરાધના, ઉપાસના, અનુપ્રેક્ષા જેવા અનેક પ્રકારના અનુષ્ઠાનોનો અવસર છે. ‘‘પર્યુષણ પર્વ અંતરાત્માની આરાધનાનો પર્વ છે.’’ આત્મશોધન માટેનો તહેવાર છે.

પર્યુષણ પર્વનો શાબ્દિક અર્થ છે - આત્મામાં સ્થિત થવું. પર્યુષણ એટલે ‘‘परिसमन्तात समग्रतया उषणं वसनं निवासं करणं ।’’ પર્યુષણનો એક અર્થ છે - કર્મોનો નાશ કરવો. કારણકે જ્યારે કર્મરૂપી શત્રુઓનો નાશ થશે ત્યારે જ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિત થશે. પર્યુષણ મહાપર્વ એ આધ્યાત્મિક પર્વ છે, જેનું કેન્દ્રિય તત્ત્વ છે ‘‘આત્મા’’. આત્માના નિરામય, જ્યોતિર્મય સ્વરૂપને પ્રગટ કરવામાં આ મહાપર્વ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

ભાદરવા મહિનામાં પર્યુષણ પર્વ મનાવાય છે. શ્વેતાંબર સંપ્રદાયના પર્યુષણ ૮ દિવસ ચાલે છે. આઠમા દિવસે સંવત્સરી મહાપર્વ મનાવવામાં આવે છે. આ દિવસે યથાશક્તિ ઉપવાસ રાખવામાં આવે છે. પર્યુષણ પર્વની સમાપ્તિ એટલે કે પૂર્ણાહૂતિ પર ક્ષમાયાચના પર્વ મનાવવામાં આવે છે. દિગંબર સંપ્રદાયમાં ૧૦ દિવસ પર્યુષણ

મનાવાય છે. તેમને તેઓ 'દસલક્ષણ ધર્મ'ના નામથી પણ ઓળખે છે. દસ લક્ષણ એટલે ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ પ્રાપ્તિ, ઉત્તમ બ્રહ્મચર્ય તથા અંતિમ દિવસે ક્ષમાવાણીના રૂપમાં મનાવાય છે.

પર્યુષણ પર્વ આત્મ જાગરણનો સંદેશ આપે છે અને આપણી સૂતી આત્માને જગાડવાનો તહેવાર છે. આ તહેવાર મૈત્રી અને શાંતિનો સંદેશ આપે છે. ક્ષમાયાચનાનો તહેવાર ગણાય છે. ભારતીય સંસ્કૃતિનો મૂળ આધાર તપ, ત્યાગ અને સંયમ છે. સંસારના બધાં જ તીર્થો જે રીતે સમુદ્રમાં સમાહિત થઈ જાય છે. તેવી જ રીતે દુનિયાભરનાં સંયમ, સદાચાર તેમજ શીલ, બ્રહ્મચર્યમાં સમાહિત થઈ જાય છે. મનુષ્યની સુષુપ્ત પડેલી આત્મિક ચેતનાને જાગ્રત કરવા, આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર, સામાજિક સદ્ભાવના તેમજ સર્વ ધર્મ સમભાવનાં કથનને બળ પુરૂ પાડવા માટે પર્યુષણ પર્વ મનાવવામાં આવે છે. આ પર્યુષણ આત્મમંથનનો તહેવાર છે. જેમાં તે સંકલ્પ લેવામાં આવે છે કે પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે જીવમાત્રને ક્યારેય પણ કોઈપણ પ્રકારનું કષ્ટ ન પહોંચાડવું અને કોઈનાથી પણ વેરભાવ, ઈર્ષા ન રાખવા. સંસારના સમસ્ત પ્રાણીઓથી જાણતાં-અજાણતાં થયેલી કોઈપણ ભૂલચૂક બદલ ક્ષમાયાચના કરીને દરેકનાં મંગલ માટે કલ્યાણ માટે કામના કરવામાં આવે છે.

આ મહાપર્વ પર્યુષણ ભગવાન મહાવીર સ્વામીના મૂળ સિદ્ધાંત ''अहिंसा परमो धर्म'' અને ''जीयो और जीने दो'' ની રાહ પર ચાલવાનું શીખવે છે. આ પર્વાનુસાર संपिक्खए अप्पगमप्पएणं અર્થાત્ આત્મા દ્વારા આત્માને જોવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. જૈન ધર્મની પરંપરા અનુસાર પર્યુષણ પર્વના અંતિમ દિવસ એટલેકે ક્ષમાવાણી દિવસ પર બધાં એકબીજાને ''मिच्छामि दुक्कडम्'' કહીને ક્ષમા માંગે છે. આ રીતે પર્યુષણ પર્વ એ આત્મશુદ્ધિની સાથે આત્મામાં રહેલી મલીનતાને દૂર કરીને આત્માને જાગૃત કરવાનો તહેવાર છે. આત્મચિંતન તેમજ સદ્માર્ગ પર ચાલવાનો આ તહેવાર ભારત ઉપરાંત વિદેશોમાં પણ ખૂબ જ આસ્થા, ભક્તિ અને આરાધના સાથે ઉજવવામાં આવે છે.

## પર્યુષણ મહાપર્વમાં મોક્ષ પ્રાપ્તિના માર્ગ પર ચાલવા માટેની દિવ્ય મંત્રસાધનાની માહિતી

પર્યુષણના દિવસથી નીચે આપેલા મંત્રની એક માળા ૩૬ દિવસ સુધી કરવી. આ મંત્ર આપ સિદ્ધ કરવા માંગતા હોય તો છ મહિનામાં ૨૭૦૦૦ વખત કરવો. આ મંત્ર કોઈપણ સમયે ગમે તે જગ્યાએ બેસીને થઈ શકે છે.

**મંત્ર**

**॥ ૐ મહાવીરાય મોક્ષ સિદ્ધા નમો નમઃ ॥**

**(આ મંત્રની એક માળા કરવી)**

## શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનથી અવિસ્મરણીય ઘટના બની

ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીરદાદાના દર્શનથી હું જીવનમાં ક્યારેય ના ભૂલી શકું એવો પ્રસંગ બન્યો. મારા પિતા દિલીપભાઇ જેમની ઉંમર ૭૫ વર્ષ છે. અચાનક એમની તબિયત ખૂબ બગડતા હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા અને ૨૪ કલાકમાં તો એમને વેન્ટીલેટર પર લેવા પડ્યા. વેન્ટીલેટર પર શનિવારે બપોરે ૩ વાગે લીધા. મારા પિતાનો ઇલાજ કરતા ડૉક્ટર પરિવારના સભ્ય જ છે. એમણે મને કહ્યું, “જો નિશાંત ૨૪ કલાકમાં પરિસ્થિતિમાં સુધારો આવશે તો એમની બચવાની શક્યતા છે. ૨૪ કલાકથી વધુ વેન્ટીલેટર પર રાખવાની એક ડૉક્ટર તરીકે તને સલાહ આપતો નથી.”

ડૉક્ટરની વાત સાંભળી મારા પગ નીચેથી જમીન સરકી ગઇ. મને અને મારી માતાને ખૂબ ધ્રાસકો લાગ્યો. મારી માતાએ મને કહ્યું, “બેટા મારી ઇચ્છા છે કે તું એકવાર ક્ષેત્રપાળવીરના દરબારમાં દર્શન કરીને આવ. તારા પપ્પાને એમના ઉપર ખૂબ જ શ્રદ્ધા છે. બધાં દરવાજા બંધ હોય ત્યારે શ્રી ક્ષેત્રપાળવીરનો દરવાજો આપણા માટે ખુલ્લો છે એવું તારા પપ્પા કહેતા હતા.”

મારા માતૃશ્રીની વાત સાંભળી હું રવિવારે સવારે ૐકારધામ તીર્થ, પાનવા જવા માટે નીકળી ગયો. સવારે ૭:૩૦ કલાકે હું બરાબર એમની સન્મુખ હતો અને એમને પ્રાર્થના કરી રહ્યો હતો કે મારા પિતા સ્વસ્થ થઇને ઘરે પાછા આવી જાય. એ પછી હું હોસ્પિટલમાં પાછો આવ્યો ત્યારે સવારના ૧૧:૩૦ થયા હતા. બપોરે એક વાગે મારા પિતાની તબિયતમાં સુધારો થતો ગયો અને સોમવારે તો વેન્ટીલેટર હટી ગયું. મારા પિતા સ્વસ્થ થઇને ઘરે આવી ગયા.

હું એન્જિનિયર છું પરંતુ મેં મારા જીવનમાં પહેલીવાર મારી આંખ સામે થતો ચમત્કાર જોયો છે. શ્રી ક્ષેત્રપાળવીરદાદાના ચરણોમાં કોટિ કોટિ વંદન. એમણે મારા પિતાને સુખરૂપ ઘરે લાવી દીધા.

લી. નિશાંત (અમદાવાદ)

**આપ કોઇપણ તકલીફમાં જ્યારે આવી જાઓ ત્યારે એ પીડામાંથી બહાર આવવા ભલે એ પીડા આર્થિક હોય કે પછી શારીરિક હોય કે પછી માનસિક હોય કે પછી કોઇ નકારાત્મક ઊર્જા સાથે જોડાયેલી હોય પરંતુ શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનથી આપના કષ્ટો દૂર થશે અને આપ સરળ જીવન જીવી શકશો. ૐકારધામ તીર્થ (કલશ-કુબેર), વિરમગામ-શંખેશ્વર હાઇવે ટચ, ગામ-પાનવા, જિલ્લો સુરેન્દ્રનગર ખાતે આવેલ છે.**

**સંપર્કસૂત્ર-૭૫૬૭૨૧૯૨૪૯**

## મારી અસહ્ય પીડા દૂર થઇ

હું રશ્મીકાંત પટેલ છેલ્લા દસ વર્ષથી પગની એડીના દુઃખાવાથી પરેશાન હતો. પાંચ ઓર્થોપેડિકની દવા, આયુર્વેદિક દવા લેવા છતાં કોઇ ફરક કે સુધારો મને જણાતો ન હતો. અમારા પડોશી લતાબેનના કહેવાથી હું અને મારા પત્ની બંન્ને પરમ પૂજ્ય ગુરુજી પાસે અમારો આ પ્રશ્ન લઇને ગયા. એમણે મને મારી મુખમુદ્રા અને ઓરા જોઇને એક દિવ્ય મંત્ર આપ્યો અને સાથે ચાર પ્રકારના મલમ પગે લગાડવા માટે આપ્યા. સાથે-સાથે વાડકીમાં પાણી લઇ ૐકાર ચાલીસાનો પાઠ કરી અને પાણી પી જવાની સૂચના આપી.

એમણે કહ્યું કે “ત્રીસ દિવસમાં દુઃખાવો સંપૂર્ણ મટી જશે. મંત્ર, ૐકાર ચાલીસા અને મલમ આ ત્રણેયનો સમન્વય તમને આ પીડામાંથી મુક્તિ આપશે.”

પરમ પૂજ્ય ગુરુજીના આશ્રમમાંથી બહાર નીકળ્યા બાદ મેં પત્નીને કહ્યું કે “ડૉક્ટરની દવા કામ નથી કરી તો આ

મંત્ર, ચાલીસા અને મલમ કામ કરશે?" મનની શંકા સાથે મેં પ્રશ્ન પૂછ્યો હતો.

મારા બા કહેતા હતા કે "લાખો રૂપિયાની દવાથી જે કામ ના થાય તે કામ સંતોની ચરણરજથી થઇ જાય. તમે પૂરી શ્રદ્ધાથી ગુરુજીએ આપેલી સૂચના પ્રમાણે કરો."

મેં ગુરુજીએ આપેલી સૂચના પ્રમાણે પ્રક્રિયા શરૂ કરી અને ૨૦ દિવસમાં તો સંપૂર્ણ ફરક પડી ગયો. પગની એડીમાં દુઃખાવો જાણે હતો જ નહીં એવી અવસ્થા આવી ગઇ. હું સંપૂર્ણપણે એ દુઃખાવામાંથી મુક્ત થઇ ગયો. મારી વેદના એટલી બધી હતી કે આ દુઃખાવામાંથી મુક્તિ એ મારા માટે તો ચમત્કાર જ છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન અને નમન...

લી. રશ્મીકાંત પટેલ (રાજકોટ)

**આપ પણ આવી કોઇ શારીરિક પીડાથી પરેશાન થતા હોય અને આપની પીડાનો કોઇ માર્ગ મળતો ના હોય તો અહીં આપેલ નંબર પર સંપર્ક કરો. (મો) ૯૪૨૯૨૦૮૯૯૭**

## કેનેડા જવા માટે વીઝા મળી ગયા

હું ૨૦૧૮થી કેનેડા જવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો. પરંતુ ત્રણ વાર વીઝાનું રીજેક્શન આવતા આ શક્ય બનતું ન હતું. મારો મિત્ર અનિષ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી કેનેડા સ્થાયી થયો છે. એણે મને ગુરુજીને મળવાની સલાહ આપી.

૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ હું પરમ પૂજ્ય ગુરુજીને મળ્યો. પરમ પૂજ્ય ગુરુજીએ મારી અને મારી પત્નીની મુખમુદ્રા અને ઓરા જોઇને એક દિવ્ય મંત્ર આપ્યો અને "સાતિવાકિ દોષ"ના કારણે હું ભારતની ભૂમિ છોડીને બીજી ભૂમિ પર જઇ શકતો નથી એવું કહ્યું. આ દોષ ભૂમિ પરિવર્તન કરવામાં તકલીફ આપે. પરમ પૂજ્ય ગુરુજીએ મને અને મારી પત્નીને મંત્ર, ૐકાર ચાલીસા, ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસા કરવા માટે કહ્યું અને ભૂમિ પરિવર્તનના દોષનું સમાધાન કરી આપ્યું અને કહ્યું કે "ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં તું કેનેડા પહોંચી ગયો હોઇશ."

પરમ પૂજ્ય ગુરુજી પર શ્રદ્ધા રાખી અમે મંત્ર અને ચાલીસા નિત્ય કરતા હતા. જેના કારણે અશક્ય ઘટના શક્ય બની ગઇ. અમારા કેનેડાના વીઝા આવી ગયા. અમે કેનેડા જતા પહેલા પરમ પૂજ્ય ગુરુજીના કહેવાથી ૐકારધામ તીર્થ, પાનવામાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીરદાદાના દર્શન પણ બે વાર કરી આવ્યા. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન...

લી. નિમેષ પટેલ (અમદાવાદ)

**આપ પણ ભારત બહાર જવાનો પ્રયત્ન કરતા હોય અથવા તો આપ જે દેશમાં રહેતા હોય એ દેશમાંથી બહાર જવાનો પ્રયત્ન કરતા હોય અને સફળતા ના મળતી હોય તો એના માટે ૐકાર ચાલીસા લેખન અને પઠન નિયમિત કરો. તેમજ ૐકારધામ તીર્થમાં બિરાજમાન શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનાર્થે સાત રવિવાર જાઓ.**

## કોર્ટમાં મારી તરફેણમાં ચૂકાદો આવ્યો

વર્ષોથી અમે અમારી બાપ-દાદાની જમીન માટે કોર્ટમાં સંઘર્ષ કરી રહ્યા હતા. ખૂબ જ મહેનત અને પ્રયત્ન કરવા છતાં પણ કોર્ટમાં મેટર આગળ વધતી ન હતી અને સમય પસાર થઇ રહ્યો હતો. ૮૦ વર્ષની ઉંમરે પહોંચેલા મારા દાદા દલપતભાઇને એવી ઇચ્છા હતી કે એમની હયાતીમાં કોર્ટમાંથી એમની તરફેણમાં ચૂકાદો આવે.

૨૦૨૩માં હું અને મારા પિતા સુરેશભાઇ પરમ પૂજ્ય ગુરુજીને મળ્યા હતા. એમણે અમારી મુખમુદ્રા અને ઓરા તેમજ દાદાના ફોટા પરથી મુખમુદ્રા અને ઓરા જોઇને ભૂમાલિકા વાસ્તુદોષ હોવાનું જણાવ્યું હતું. ગુરુજીના કહેવા પ્રમાણે આ દોષ

## સદ્ગુરુ ૐઋષિ અને ભક્ત અનુભવ

જમીન બાબતે સંઘર્ષ અને તકલીફો અપાવે અને સાથે જ આ જમીન લીધા બાદ મારા દાદા અને પિતાના જીવનમાં ખૂબ સંઘર્ષ ચાલ્યા, પરંતુ ગુરુજીએ એનું જળમૂળથી સમાધાન કરી આપ્યું અને ૨૦૨૫ જાન્યુઆરીમાં અમારી તરફેણમાં ચૂકાદો આવ્યો. પરમ પૂજ્ય ગુરુજીએ આપેલ મંત્ર અને ૐકાર ચાલીસા અમારો આખો પરિવાર કરે છે અને એનાથી અમને ખૂબ જ ફાયદો છે અને જમીન વેચીને અમે અમારો નવો ધંધો પણ શરૂ કર્યો છે. જેમાં અમને સફળતા મળી રહી છે. ગુરુજીના ચરણોમાં વંદન સાથે ૐ નમઃ ...........

લી. જીગ્નેશ પટેલ (જામનગર)

**આપ પણ જમીનની આવી કોઇ બાબતમાં ફસાયેલા હોય તો ૐકાર ચાલીસાનો પાઠ રાત્રે ૯ થી ૧૧ માં કરવો.**

## जीवन में बहुत से चमत्कारिक परिणाम मिले

ॐ नमः गुरुजी... ये एक appriciation और gratitude note है आप के लिए... मैं रुबरु आप से कभी भी thank you... thank you... thank you नहीं कह पाउँगी । So I am writing this article for anybody else to reading to me let me introduce to myself, my name is Dr. Rekha Mukherjee. I am Ph.D. in English Literature and right now serving as an Associate Professor and head of the English Department at R. G. Shah Science College, Ahmedabad, Gujarat University.

वैसे तो मैं बंगाली हूँ तो गुजरात में अहमदाबाद में देखा जाए तो कोई नहीं है, लेकिन गुरुजी है my family and my entire world. मेरी गुरु बहन प्रोफेसर आरती महेता जो मेरी couligue है । She is a professor of Botony. तो पांच साल पहले उन्होंने मुझे गुरुजी से मिलवाया और पहलीबार जब गुरुजी का साक्षात्कार हुआ तब मुझे लगा कि ईश्वर कैसा होते है, जो सिर्फ कल्पना की थी कि how does god look like? ईश्वर कैसे दिखते है? तो वो मैंने गुरुजी की चहेरे में देखा की ये ईश्वर है । Yes it's faith I am face to face with the God और उस दिन से मेरी ज़िंदगी बदल गई । हर कदम आपने गुरुजी मेरा साथ दिया है ।

जब मेरी daughter खुशी को केनेडा जाना था, जिस तरह से visa में थोडे complications आ रहे थे, आपने कहा चिंता मत करो सब हो जाएगा और तुरंत जैसे चुटकी बजाकर आसानी से visa आ गया । उसके केनेडा पहुँच तक की यात्रा में आप ही सामने रहे है और आपने हर problem को आसान किया है ।

दो साल हो गए बेटी को वहाँ गए । मुझे उनसे केनेडा मिलने जाने का मन था । Visa का scenario इतना difficult है कि केनेडा के visas नहीं मिलते । आपने कहा कि बिलकुल चिंता मत करो तुम जाओ और हो जाएगा । और visa application की और फटाफट से appointment आया और कहेते है कि दो-दो, तीन-तीन घंटे का तो minimum wait होता है । आप जब visa office जाए, आपके दो घंटे minimum लगेंगे । और हमारा सुबह ९:३० बजे का

appointment था। गुरुजी से आशीर्वाद लेके में गई थी की गुरुजी सबकुछ अच्छा हो जाए, visa आ जाए। गुरुजी ने कहा, तुम चिंता क्यों करती हो? मैं हूँ ना ! और बस गुरुजी कहते है और वो हो जाता है। और हम वहाँ गये precisely सतरह मिनिट में, १७ मिनिट we were out of the VFS office। जो Canada Visa Office है। १७ मिनिट्स is it done?... He say Yeah Yeah... it is done... और लोगों के चार-पांच महिने के बाद भी rejection आते है। within 42 days our visa was granted. मेरे मन में दुविधा होती थी की गुरुजी visa आएगा की नहीं, गुरुजी केनेडा जाना है, daughter से मिलना है, दो साल हो गए है। गुरुजी कहते थे don't worry, I am here, तुम ज़रुर जाओगी...तुम्हारा visa आएगा और गुरुजी ने जो date predict की उसके एक दिन पहले visa आ गया।

अब केनेडा जाने के लिए - गुरुजी कैसे जाउँगी, कितना खर्चा है, नया देश, बच्ची अभी भी स्टुडन्ट है, अभी-अभी पढ़ाई खतम हो रही है। वहाँ अगर मैं एक महिने तक रुकने के लिए जा रही हूँ how will I manage? Guruji say, why you worry? तुमने सोचा भी नहीं होगा वैसा होगा and believe you me जिसकी मैं कल्पना भी नहीं कर सकती मैंने ऐसा अद्भूत स्वर्ग का नज़ारा जो मैं कभी imagine भी नहीं कर सकती कि I afford that kind of beautiful life. एक महिना इतना सुंदर पसार हुआ, daughter के साथ हमने बहुत सुंदर समय बीताया। daughter खुद self drive करके हमें Niagara Falls लेके गई। और जब Niagara Falls पहुँचे और Niagara Falls की जो gorgeous, roaring falls है उसमें मुझे गुरुजी का मुस्कुराता हुआ चहेरा दिखा की I am here and you are blessed.

हर जगह गुरुजी मैंने आपकी blessings महेसूस की है। Everywhere जब भी मुझे कभी मन में थोडी सी भी दुविधा हुई, ॐ सिद्ध ॐऋषि प्रांग प्रांग नमः बस जपना शुरु कर देती और तुरंत तीसरी चौथी मिनिट मुझे solution मिल जाता है और आप जिस तरह से कहते है don't worry, हो जाएगा, मैं हूँ ना !!!...गुरुजी, you are God... I mean it, अगर ईश्वर है पृथ्वी पर तो, मैंने तो ईश्वर का साक्षात्कार कर लिया... गुरुजी, आप please मेरे परिवार के साथ युँ ही बने रहना।

हर समय जो भी situation होती है हर परेशानी में आपके पास आती हूँ और आप कहते है ये हो जाएगा। आप solution बताते है उसको diligently with discipline मैं करती हूँ। Like every day I write Omkar Chalisa और मेरी उँगलीयाँ आतुर आतुर इतनी स्पीड में लीखती है की upsecond time भी मुझे इतनी जल्दी मैंने लिख लिया !!! तो जो आप instruction देते है , जो मैं videos और audios सुनती हूँ I really follow...और complete surrender हूँ, इसलिए इतनी लाइफ आसान है की when I was come back from Canada, yes I want to tell you, तो १२ जून को यहाँ unfortunate incident अहमदाबाद में plane crash हो गया था और १४ जून को मेरी केनेडा से रीटर्न फ्लाईट थी। मैंने गुरुजी को बहुत टेन्शन में फोन किया कि गुरुजी मेरी कल फ्लाईट है। गुरुजी ने कहा don't worry, मैं एक मंत्र दे रहा हूँ इसको तुम बस बोलते रहना, कुछ नहीं होगा। और बस मैं वो मंत्र को बोलते बोलते आई हूँ। उसको स्मरण में रखा, गुरुजी को स्मरण में रखा। और ऐसे जैसे की मैं हवाओं से बात करती I was floating in clouds... इतनी

## સદ્ગુરુ ૐઋષિ અને ભક્ત અનુભવ

आसानी से कब पलक-झपकर १७ घंटे की जर्नी हो गई मुझे पता भी नहीं चला।

तो गुरुजी इतनी आसान आपने मेरी ज़िंदगी कर दी है ये तो मैंने कुछ recent बाते बताई है। आपने जो चमत्कार मेरे परिवार की ज़िंदगी में किये है मैं अगर बताने जाउँ, गिनने जाउँ तो एक पुस्तक लिख सकती हूँ। मगर दुबारा फिर किसी incident बताउँगी। ये तो एक recent incident थे जो मैं अभी-अभी लौटी हूँ। मेरे पास gratitude, grateful, thank you कहूँ ये बहुत छोटे शब्द है। I complete surrender to you Guruji.... बस, ऐसे ही साथ में बने रहना।

पूरी पृथ्वीलोक का बस आपके मंत्रो से उद्धार हो और जो भी आपके मंत्रो को सुनता है सिर्फ सुनने मात्र से ही इतना balance इतनी stability thought process में आती है। mind, body soul की balance हो जाती है। ये मैंने personally experience किया है। So, I am very very grateful to you Guruji... ॐ नमः... ॐ नमः... ॐ नमः...

ृलि. डॉ. रेखा मुखर्जी ( अहमदाबाद )

अगर आप भी जीवन में कोई दुविधा में या कोई मुश्केली में हो तो गुरुजी के शरण में अवश्य जाए, आपका उद्धार हो जाएगा और गुरुजी रचित ॐकार चालीसा लेखन और पठन नित्य कीजिए, ये कलियुग में ब्रह्मास्त्र समान है।


સદ્ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઇબ કરો.**

YouTube

સ્ટેપ- ૧ યૂ ટયૂબ ચેનલ પર કલીક કરો

સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"

સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો

સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

# માનવરૂપી દેવદૂત

(સંપૂર્ણ સત્યઘટના)

ઘટના તારીખ: ૧૦-૫-૧૯૮૭

સ્થળ : સાધના વિનય મંદિર સ્કૂલની પ્રિન્સિપાલ ઓફિસ

મારા જીવનમાં બનેલી કેટલીક સત્ય ઘટનાઓમાંની આ એક એવી સત્ય ઘટના છે કે જો આ ઘટના મારા જીવનમાં ના બની હોત તો મંત્રના જ્ઞાનરૂપી મહાસાગરમાં તરવાનો મને અવસર ના મળ્યો હોત. ગણિત, ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત, વાદત જેવા વિષયો પર મારી પક્કડ અને સમજણ ના આવી હોત. તેમજ મંત્રોના સર્જનના જ્ઞાનની અને સમયની ગણતરી કરીને એક જ્ઞાની પૂરૂષ જેને મંત્રના ઉચ્ચ શિખર પર જવાનું સૌભાગ્ય ઓમકારના દિવ્ય ચૈતન્યથી મળ્યું એ સૌભાગ્ય મળ્યું ના હોત.

મંત્રોના સર્જનમાં ગાણિતિક ગણતરીનું બહુ જ મોટું સ્થાન છે. જો તમે મંત્રરચનામાં એક પણ શબ્દ વધારે કે ઓછો કરી નાંખો તો આખો મંત્ર પૂર્ણ સાકાર પામી શકે નહિ.

આપ વિચારતા હશો કે આવા જ્ઞાનના મહાસાગર સુધી પહોંચવામાં મારા જીવનમાં એવો તો કયો વળાંક આવ્યો હશે જે વળાંક અદ્ભૂત કે અનન્ય કહી શકાય અને આવો વળાંક કોણ લાવ્યું હશે આવો પ્રશ્ન પણ તમારા મનમાં ઊભા થશે અને થવો પણ જોઇએ.

તમને એવો પણ સવાલ ઊભો થતો હશે કે આ વળાંકમાં એક માણસ મારા માટે અક દેવદૂતની જેવો કઇ રીતે બની શક્યો? તો ચાલો મારા જીવનની એ યાત્રામાં જે સફર ઉપર આ વળાંક મારી રાહ જોઇને ઊભો હતો.

આ વાત એ સમયની છે જે સમયે ધોરણ પાંચ પાસ કરી અને ધોરણ છઠ્ઠામાં હું પ્રવેશ પામ્યો. પાંચમા ધોરણ સુધી હું નિયમિત સ્કૂલે જતો હતો. એ વખતે હું સાધના વિનયમંદિર, પ્રિતમનગરમાં ભણતો હતો. એ સમયે સાધના સ્કૂલના પ્રિન્સિપાલ શંકરભાઇ સાહેબ હતાં, જે સ્વભાવે ખૂબ કડક અને શિસ્તબદ્ધ હતાં અને ઉપઆચાર્ય એટલેકે આસીસ્ટન્ટ પ્રિન્સિપાલ રતીભાઇ મિસ્ત્રી સાહેબ હતાં.

પાંચમા ધોરણના વેકેશનમાં મારી શારીરિક અક્ષમતાના કારણે છઠ્ઠા ધોરણમાં હું એક પણ દિવસ સ્કૂલે જઇ શક્યો ન હતો, કારણકે મને શારીરિક પીડાઓ અને કષ્ટ એટલા બધાં રહેતા કે સવારે શારીરિક દુઃખાવો ચરમસીમાએ હોય અને બપોરે ચાર વાગ્યા પછી જ એ દુઃખાવામાં થોડીક રાહત અનુભવ થાય.

ડોક્ટરની કોઇપણ દવાઓ કે આયુર્વેદના કોઇપણ ઉપચાર મારી પીડાને દૂર કરી શકે એવા સાબિત થઇ રહ્યા ન હતાં. હું આર્થારાઇટીસના મહાચંગુલમાં પૂરેપૂરો ફસાઇ ગયો હતો. પરંતુ મારા માતૃશ્રીના ખૂબ આગ્રહના કારણે હું ખૂબ દિલથી છઠ્ઠા ધોરણનો અભ્યાસ ઘરે રાખવામાં આવેલા ટ્યુશનના માધ્યમથી કરતો હતો. એ વખતે અમારી જ સોસાયટીમાં રહેતા દિવ્યાબેન નામના શિક્ષિકા મને છઠ્ઠા ધોરણના વિષયો ભણાવવા માટે આવતા હતાં.

હું છઠ્ઠા ધોરણમાં એક પણ દિવસ શારીરિક પીડાના કારણે સ્કૂલે જઇ શક્યો ન હતો અને છઠ્ઠા ધોરણની સ્કૂલની વાર્ષિક પરીક્ષાઓ પણ એપ્રિલ મહિનામાં પૂર્ણ થઇ ગઇ હતી. હું આખું વર્ષ છઠ્ઠા ધોરણનું ભણ્યો તો ખરો પરંતુ પરીક્ષા આપવા જઇ શકવા એ વખતે શારીરિક રીતે સમર્થ ન હતો. પરંતુ

॥ ૐ નમઃ ॥

જૂન મહિનામાં સ્કૂલો ખુલતી હોય એના એક મહિના પહેલા એટલે કે મે મહિનામાં મારા પિતાશ્રીએ સ્કૂલના આચાર્ય શંકરભાઇને મળીને મારી એકલાની પરીક્ષા લઇ અને સાતમા ધોરણમાં મને પ્રવેશ મળે એ માટે વિનંતી કરી હતી.

શંકરભાઇએ ખૂબ કડક શબ્દોમાં મારા પિતાશ્રીને એવું જણાવ્યું હતું કે સ્કૂલની છઠ્ઠા ધોરણની વાર્ષિક પરીક્ષાઓ લેવાઇ ગઇ છે તેમજ આપ આપના દીકરાને એક પણ દિવસ સ્કૂલે મોકલી શક્યા નથી માટે સ્કૂલમાં હાજરીના અભાવે પણ અમે એની એકલાની પરીક્ષા લઇ શકીએ એમ નથી. શિક્ષણ મંત્રાલયના નિયમ અનુસાર પણ આ પ્રમાણે થઇ શકે નહિ, માટે તમે તમારા દીકરાને ફરીવાર છઠ્ઠા ધોરણમાં ભણાવો અને એ પણ હવે અમારી સ્કૂલમાં નહિ પરંતુ અમારી સ્કૂલમાંથી લીવીંગ સર્ટીફિકેટ લઇ અને પછી એના આધારે બીજી સ્કૂલમાં પ્રવેશ મેળવીને તમારે તમારા દીકરાને છઠ્ઠા ધોરણથી ભણાવવો પડશે.

એ સમયે સાધના સ્કૂલની નામના આખા અમદાવાદમાં હતી. આ સ્કૂલ છોડીને બીજી સ્કૂલમાં જવું એ યોગ્ય જણાતું ન હતું અને એમાંય પાછું છઠ્ઠા ધોરણમાં એડમીશન લઇ આખું વર્ષ ભણવું એટલે એક વર્ષ ભણતરનું બગાડવાનું હતું.

મારા દાદા અને પિતા બંન્ને જણા ચર્ચા પછી એવા નિર્ણય ઉપર આવ્યા કે હવે આવા સંજોગોમાં મારું ભણવાનું બંધ કરાવી દઇએ, કારણકે મારી શારીરિક પીડાઓના કારણે સ્કૂલમાં નહીં જવાનો મુદ્દો તો બન્યા જ કરશે અને હાજરીના અભાવે પરીક્ષામાં પણ જો બેસવા દેવામાં ના આવે તો મારી ભણતરની આ પ્રક્રિયાનો તો કોઇ અંત જ નથી. માટે જ્યાં સુધી શારીરિક સ્થિરતા ના થાય ત્યાં સુધી ભણતર ઉપર પૂર્ણવિરામ મુકી દેવું.

મારા દાદા અને પિતાની વાત સાથે મારા માતૃશ્રી સહમત ન હતાં. એમનું માનવું એવું હતું કે એકવાર મારું ભણતર બંધ થઇ જશે તો ફરીવાર ભણવાનું ચાલુ થઇ શકશે નહિ અને મારું ભવિષ્ય ભણતર વિના અંધકારમય બની જશે.

મારા માતૃશ્રી ભણતરના ખૂબ જ આગ્રહી હતાં અને એ હંમેશા એવું દૃઢપણે માનતા હતાં કે સરસ્વતીની મળેલી કૃપા કોઇ દિવસ એળે જતી નથી અને ભણતર કામમાં આવ્યા વગર રહેતું નથી. એમના આ દૃઢ વિશ્વાસના કારણે મારા પિતાશ્રીએ અને માતાશ્રીએ ફરી એકવાર સ્કૂલના પ્રિન્સિપાલ શંકરભાઇને સમજાવવાનો નિર્ણય કર્યો અને મને લઇને સાધના સ્કૂલની ઓફિસમાં દાખલ થયા.

એ દિવસે પ્રિન્સિપાલ શંકરભાઇ હાજર ન હતાં. મારા માતા-પિતા અને હું ઉપઆચાર્ય રતીભાઇ મિસ્ત્રી સાહેબને મળ્યા અને જોડે લઇ ગયેલ ડોક્ટરની ફાઇલ બતાવી અને મારી આખી પરિસ્થિતિથી એમને વાકેફ કર્યા. એમણે કહેલા શબ્દો હું આપને અક્ષરસહ જણાવું છું.

" હું આપની વ્યથા સમજુ છું. માટે હું શંકરભાઇને સમજાવવાનો પ્રયત્ન કરું છું. આજે એ એક કલાક મોડા સ્કૂલે આવવાના છે, માટે આપ પ્રતિક્ષા કરો."

એક કલાક બાદ શંકરભાઇ સ્કૂલની ઓફિસમાં દાખલ થયા. એમની નજર અમારા ત્રણ જણ ઉપર પડી. સ્કૂલની ઓફિસ એ સમયે ખૂબ મોટી હતી. એ જઇને એમની ખુરશી ઉપર બેઠાં. અમે ત્રણે પણ એમની સામે ગોઠવાયા. રતીભાઇએ આવીને શંકરભાઇને દલીલ કરી.

"સાહેબ, આ છોકરાની શારીરિક સ્થિતિને જોતાં આપણે એની પરીક્ષા લેવી જોઇએ જેથી એનું ભણતર અટકે નહિ. આપની વાત સાચી છે કે કાયદો

આ વાત માટે ના પાડે છે, પરંતુ ઘણીવાર કાયદાથી ઉપર ઉઠીને વિચારીએ તો આપણું કામ સરસ્વતીની સેવા કરવાનું છે. હું દૃઢપણે માનું છું કે આપણે શિક્ષક તરીકેની નૈતિક જવાબદારી સમજીને આ છોકરાની પરીક્ષા લેવી જોઇએ."

શંકરભાઇને રતીભાઇની વાત ગમી નહિ, પરંતુ એમણે રતીભાઇને કહ્યું હતું કે "જો રતીભાઇ, હું આ પરમીશન તમારી જવાબદારી પર આપું છું. કાલે શિક્ષણ મંત્રાલયમાંથી કોઇપણ પ્રકારનો આરોપ આવે તો એની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે તેમજ આ બાળકની પરીક્ષા લેવાની મંજૂરી આપે આપી છે એ કાગળ ઉપર આપે સહી કરવી પડશે અને સાથે-સાથે પરીક્ષામાં સાંઇઠ ટકા આવશે તો જ સાતમા ધોરણમાં હું એને પ્રવેશ આપીશ."

શંકરભાઇએ પંદર દિવસ પછી રતીભાઇની જવાબદારી ઉપર મારી પરીક્ષા લેવાની હા પાડી. રતીભાઇ સાહેબે પણ એમની શરતને માન્ય રાખી હતી.

મારા પિતાએ રતીભાઇને પૂછ્યું હતું કે "આપ સાહેબ આપની નોકરી દાવ ઉપર લગાડી રહ્યા છો. આપ આવું કેમ કરી રહ્યા છો?"

રતીભાઇએ જવાબ આપ્યો હતો કે "હું શિક્ષક પહેલા છું અને શાળાનો ઉપઆચાર્ય પછી છું. મારું કામ ભણતરનો દીવો પ્રગટાવવાનું છે અને એમાં હું ક્યાંય કચાશ કરવા માંગતો નથી. આપના બાળકની તકલીફ જોતાં મને એવું લાગે છે કે કુદરત ભલે આને અવસર આપે કે ના આપે પણ એક માણસ તરીકે મારે એને અવસર અપાવવો જ જોઇએ અને એટલે જ આ જવાબદારી લેતા મેં ખચકાટ અનુભવ્યો નથી."

હવે આપ જ વિચારો રતીભાઇ મિસ્ત્રી જેવા શિક્ષકને માત્ર માણસ કહેવા યોગ્ય કહેવાય? શું એને દેવદૂતની ઉપમા ના આપી શકાય?

હું છઠ્ઠા ધોરણનું ભણતર આખું વર્ષ ઘરે બેસીને ભણ્યો હતો. માટે પંદર દિવસ પછી મેં પરીક્ષા આપી અને હું પાંસઠ ટકા સાથે ઉત્તીર્ણ થયો. એ સમયની સ્કૂલની છઠ્ઠા ધોરણની વાર્ષિક પરીક્ષામાં દરેક વિષયના પેપરો કાઢવામાં આવ્યા હતાં એના કરતા મારા માટે કાઢવામાં આવેલા પેપરો પ્રમાણમાં અઘરા હતાં, કારણકે આચાર્ય શંકરભાઇ સાહેબની ઇચ્છા મને સાતમા ધોરણમાં સાધના સ્કૂલમાં એડમીશન ના મળે એવી હતી. પરંતુ જેને રામ રાખે એને કોણ ચાખેનું સૂત્ર એ સમયે મારા માટે સટિક સાબિત થયું.

હવે આ જ સત્ય ઘટના ઉપરથી આપ સમજી શકો છો કે મારા જીવનના વળાંકમાં રતીભાઇ મિસ્ત્રી જેવા દેવદૂત ના આવ્યા હોત તો હું અને મંત્રજ્ઞાન એકબીજાથી સાવ અલિપ્ત થઇ ગયા હોત, કારણકે જ્યાં સુધી ભાષાઓની પૂરી સમજ અને જ્ઞાન ના મળે ત્યાં સુધી મંત્રમાં સર્જન અને રીસર્ચ જેવું મોટું કાર્ય કરવું અશક્ય બને.

અંતે ચાણક્યએ મગધના રાજા ધનાનંદના દરબારમાં કહેલી વાત અહીં કહેવાનું મને મન થઇ આવે છે.

"ધનાનંદ (એ સમયે મગધના રાજા) એક શિક્ષક કદી પણ સાધારણ હોતો નથી. સર્જન અને વિનાશ એની ગર્ભમાં ઉછેર લે છે. મારી અંદર જો સામર્થ્ય હશે તો મારું લાલનપાલન કરવા વાળા સમ્રાટોનું સર્જન હું કરી લઇશ."

આજના દિવસે જ્યારે હું મારી ડાયરીમાંથી આ ઘટનાને બહાર લાવીને આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું ત્યારે હું રતીભાઇ મિસ્ત્રી સાહેબને એક ચાણક્યના અવતારમાં જ જોઉં છું.

લિ. ૐગુરૂ

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન પીળા કલરનાં વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ કલરનાં વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરનાં વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન આસમાની કલરનાં વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ કલરનાં વસ્ત્રમાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ ગુલાબી વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૮-૨૦૨૫ | ગુરુવાર | ૐ લક્ષ્મીતા | ૦૬-૦૯-૨૦૨૫ | શનિવાર | ૐ બુધવેશ્વરદેવ |
| ૨૨-૦૮-૨૦૨૫ | શુક્રવાર | ૐ કાર્યતા | ૦૭-૦૯-૨૦૨૫ | રવિવાર | ૐ મંત્રેશ્વર |
| ૨૩-૦૮-૨૦૨૫ | શનિવાર | ૐ ધનીતા | ૦૮-૦૯-૨૦૨૫ | સોમવાર | ૐ મંત્રશક્તિતા |
| ૨૪-૦૮-૨૦૨૫ | રવિવાર | ૐ લક્ષ્મીત્ય | ૦૯-૦૯-૨૦૨૫ | મંગળવાર | ૐ મંત્રવજિતા |
| ૨૫-૦૮-૨૦૨૫ | સોમવાર | ૐ વાજમ | ૧૦-૦૯-૨૦૨૫ | બુધવાર | ૐ કાર્યલક્ષ્મીતા |
| ૨૬-૦૮-૨૦૨૫ | મંગળવાર | ૐ કેતુશ્વર | ૧૧-૦૯-૨૦૨૫ | ગુરુવાર | ૐ શુધ્ધાંતિતા |
| ૨૭-૦૮-૨૦૨૫ | બુધવાર | ૐ રાહુવેશ્વર | ૧૨-૦૯-૨૦૨૫ | શુક્રવાર | ૐ પ્રજલલ |
| ૨૮-૦૮-૨૦૨૫ | ગુરુવાર | ૐ સૂર્યવેશ્વર | ૧૩-૦૯-૨૦૨૫ | શનિવાર | ૐ ગુરુશક્તિ |
| ૨૯-૦૮-૨૦૨૫ | શુક્રવાર | ૐ ધનતંતિ | ૧૪-૦૯-૨૦૨૫ | રવિવાર | ૐ સિધ્ધમશક્તિ |
| ૩૦-૦૮-૨૦૨૫ | શનિવાર | ૐ કુબેરામ | ૧૫-૦૯-૨૦૨૫ | સોમવાર | ૐ પરમશક્તિ |
| ૩૧-૦૮-૨૦૨૫ | રવિવાર | ૐ ઓમકારેશ્વર | ૧૬-૦૯-૨૦૨૫ | મંગળવાર | ૐ શંભુશિવા |
| ૦૧-૦૯-૨૦૨૫ | સોમવાર | ૐ મંગલેશ્વરદેવ | ૧૭-૦૯-૨૦૨૫ | બુધવાર | ૐ માતેશ્વરી |
| ૦૨-૦૯-૨૦૨૫ | મંગળવાર | ૐ ગુરુવેશ્વરદેવ | ૧૮-૦૯-૨૦૨૫ | ગુરુવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૦૩-૦૯-૨૦૨૫ | બુધવાર | ૐ શુક્રવેશ્વરદેવ | ૧૯-૦૯-૨૦૨૫ | શુક્રવાર | ૐ લક્ષ્મીભદ્ર |
| ૦૪-૦૯-૨૦૨૫ | ગુરુવાર | ૐ શનિવેશ્વરદેવ | ૨૦-૦૯-૨૦૨૫ | શનિવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર |
| ૦૫-૦૯-૨૦૨૫ | શુક્રવાર | ૐ ચંદ્રવેશ્વરદેવ | | | |

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"
ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

# પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

૯ ઓગષ્ટ, ૨૦૨૫
શનિવાર

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**
આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**શુભ સમય**

સવારે
૧૦ થી ૧ કલાકે

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**